# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૭/૨/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# સુરતના ઉદ્યોગપતિઓને ઇથોપીયામાં એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ, ફાર્મા અને ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કરવા ઇથોપીયા સરકારનું આમંત્રણ

ચેમ્બરમાં ઇથોપીયાના મુંબઇ ખાતેના કોન્સુલ જનરલ હીઝ એકસીલન્સી મિસ્ટર ડેમેકે અંબુલો સાથે ઇન્ટરેકટીવ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, ૭મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'બિઝનેસ ઓપોર્ચ્યુનીટીઝ ઇન ઇથોપીયા' વિશે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઇથોપીયાના મુંબઇ ખાતેના કોન્સુલ જનરલ હીઝ એકસીલન્સી મિસ્ટર ડેમેકે અંબુલોએ સુરતના ઉદ્યોગપતિઓને એગ્રીકલ્ચર, ફાર્મા અને ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપી ઇથોપીયામાં બિઝનેસ માટેની સરળતા માટે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં સુરતની ઓળખ બની ગયેલી મહત્વની ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રી ઉપરાંત અન્ય વિકસી રહેલી અન્ય ઇન્ડસ્ટ્રી વિશે સવિસ્તર માહિતી આપી હતી. ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ ભારત અને ઇથોપીયા સરકાર વચ્ચેના વેપારીક સંબંધો વિશે માહિતી આપી સુરત અને ઇથોપીયા વચ્ચે સીધી ફલાઇટ સેવા શરૂ કરવા માટે ઇથોપીયાના મુંબઇ ખાતેના કોન્સુલ જનરલને અનુરોધ કર્યો હતો.

ઇથોપીયાના મુંબઇ ખાતેના કોન્સુલ જનરલ હીઝ એકસીલન્સી મિસ્ટર ડેમેકે અંબુલોએ સુરતના ઉદ્યોગપતિઓને સંબોધતા જણાવ્યુ હતુ કે, આફ્રિકાની ૫૪ જેટલી કન્ટ્રીઓમાંથી ઇથોપીયા વેપારની દૃષ્ટિએ મહત્વની કન્ટ્રી છે. ભારતની જેમ જ ઇથોપીયામાં પાંચ વર્ષની સરકાર રચાય છે અને ઇથોપીયા શાંતિપ્રિય દેશ હોઇ પોલિટીકલ કેપીટલ છે. ઇથોપીયા લિબરલ અને બિઝનેસ ફ્રેન્ડલી કન્ટ્રી બની છે. ડબલ ડિઝીટથી ઇકોનોમીનો ગ્રોથ થઇ રહયો

છે. ઇથોપીયામાં ૧૮ જેટલા એગ્રો ઇકોલોજીકલ ઝોન હોવાથી એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ માટે ઘણો સ્કોપ છે. ઇથોપીયામાં ખૂબ જ મોટાપાયે ખેતીલાયક જમીન છે. જયાં સૌથી વધુ કોફીનું ઉત્પાદન થાય છે. ઇથોપીયાએ જ વિશ્વને કોફીની ગીફટ આપેલી છે. ઇથોપીયા ઘણી મોટી ડોમેસ્ટીક માર્કેટ ધરાવે છે. ખાસ કરીને ટેક્ષ્ટાઇલ – ગારમેન્ટ માટે ખૂબ જ મોટી માર્કેટ છે. ઇથોપીયામાંથી અમેરિકન અને યુરોપીયન માર્કેટમાં પણ ડયુટી ફ્રી પ્રોડકટ એક્ષ્પોર્ટ કરી શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ઇથોપીયામાં ટેક્ષ્ટાઇલ અને ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી માટે કલસ્ટર ઇન્ડસ્ટ્રીયલ પાર્ક છે. ટેક્ષ્ટાઇલ ગારમેન્ટ મેન્યુફેકચરીગ યુનિટ નાંખવા માટે સરકાર કેપીટલ ગુડ્ઝ ઉપર ડયુટી માફી આપશે. છ વર્ષ માટે ઇન્કમ ટેક્ષ પણ લેવામાં આવશે નહીં અને નફો ફોરેન કરન્સીમાં ભારતમાં લાવી શકાશે. જોઈન્ટ વેન્ચર સાથે પણ બિઝનેસ શરૂ કરી શકાય છે. ટેક્ષ્ટાઇલ મશીનરી માટે ત્યાં એન્જીનિયરો પણ છે. ઇથોપીયામાં જમીન, સ્કીલ્ડ લેબર, વીજળી અને પાણી સસ્તુ છે. આથી પ્રોડકટ કોસ્ટ સસ્તી હોવાથી પ્રોફીટ માર્જીન ખૂબ જ ઉંચુ રહેશે.

તેમણે કહયુ હતુ કે, ઇથોપીયા ૮૫ ટકા મેડીસીન આયાત કરે છે. આથી ત્યાં ફાર્મા ઇન્ડસ્ટ્રી માટે પણ ઘણો સ્કોપ છે. ત્યાં ભારતીયો શિક્ષકો તરીકે કાર્યરત છે. અંગ્રેજી બોલી શકાતી હોવાથી ઇથોપીયામાં કોમ્યુનીકેશન માટે સરળતા રહેશે. એક વર્ષ માટે રેસીડેન્ટ પરમીટ લઇને તેમજ ત્રણ મહિનાના વર્ક પરમીટ ઉપર ઇથોપીયા આવી શકાય છે અને એરલાઇન્સને પણ કોઇ તકલીફ નથી. ઇથોપીયા સરકારે ભારત સરકાર સાથે વેપારીક અને સંરક્ષણની દૃષ્ટિએ સમજૂતિ કરાર કર્યા છે. ઉદ્યોગપતિઓને કોઇપણ એકટીવિટી માટે સરકાર સપોર્ટ કરશે.